**ઇન્ડિયા ફાઉન્ડેશન ફોર ધ આર્ટ્સ (IFA)**
તેના **આર્ટ્સ પ્રેક્ટિસ** કાર્યક્રમ હેઠળ
**કાર્યશાળા/ નિવાસ**
માટે અરજી આમંત્રિત કરે છે.

**અરજી સમગ્ર વર્ષ દરમિયાન સ્વીકારવામાં આવે છે.**

આર્ટ્સ પ્રેક્ટિસ કાર્યક્રમ એવી પરિયોજનાઓને અમલમાં મૂકવાનો પ્રયાસ કરે છે જ્યાં કલાકારો એમના વર્તમાન કલાકારીના કાર્યક્ષેત્રને નવી દિશાઓમાં વિસ્તૃત કરતા હોય. પ્રયોગશીલતાની ભાવનાને આગળ રાખી, આ પરિયોજનાઓ સ્વીકૃત પરંપરાઓને પડકારી શકે છે; સામગ્રી, સ્વરૂપ અને માધ્યમના સંદર્ભમાં નવી સીમાઓને આગળ ધપાવી શકે છે; સ્થાન, પ્રેક્ષકો અને સમુદાયો સાથે જોડાણની નવી રીતોનું અન્વેષણ કરી શકે છે.

**કાર્યશાળા/ નિવાસ:**
ઐતિહાસિક રીતે, જ્યારે વિવિધ શાખાઓના કલાકારોએ સાથે મળીને કામ કર્યું, ત્યારે કલાત્મક પદ્ધતિઓમાં નોંધપાત્ર સફળતા મળી છે. કલાકારોનાં આવા મેળાવડાઓ ભૌગોલિક અને પેઢીની સીમાઓને વટાવીને, ગતિશીલ ચર્ચાઓ, નવીન વિચારો અને તકનીકો તેમજ વિભાવનાઓ સાથે અરસ પરસ સહયોગ સાધીને પ્રયોગોને પ્રોત્સાહન આપ્યું છે. આજે, કલાત્મક કાર્યશાળાઓ અને નિવાસમાં સર્જનાત્મક ઊર્જાના અણધાર્યા આંતરછેદને પ્રોત્સાહન આપતા, કલાત્મક સહકર્મી નેટવર્ક માટે મહત્વપૂર્ણ કેન્દ્રોમાં વિકસિત થવાની સંભાવના છે. આ મેળાવડાઓ કલાકારીના કાર્યક્ષેત્રનાં વિકાસ અને તેમના ભવિષ્યના માર્ગ પર ચિંતન કરવાની તક પ્રદાન કરે છે. વધુમાં, તેઓ એવા મંચ તરીકે કામ કરે છે જ્યાં અગાઉ હાંસિયામાં ધકેલાઇ ગયેલા અવાજને સાંભળી શકાય એ માટે પ્રોત્સાહક સ્થાન પૂરું પાડે છે.

આર્ટ્સ પ્રેક્ટિસ કાર્યક્રમ હેઠળ, આદાનપ્રદાન, સંવાદ, ચર્ચા, શિક્ષણ અને માર્ગદર્શન માટે અનુકૂળ વાતાવરણ વિકસાવવા માટે કાર્યશાળા/ નિવાસ માટે દરખાસ્ત અમે આવકારીએ છીએ. આમાં કલાકારની સર્જનાત્મકતાને પોષતા, સહયોગને પ્રોત્સાહન આપતા અને પ્રયોગોને સક્ષમ કરતા કલાકારોના નિવાસનો સમાવેશ થઈ શકે છે; કાર્યશાળાઓ અને એ સમાન મેળાવડાઓ જ્ઞાન કેળવવા, આંતરદૃષ્ટિને પ્રોત્સાહન આપવા અને કલાત્મક કુશળતાને વધારવા માટે કામ કરે છે.

**પરિયોજનાની અવધિ:** છ મહિના સુધી

**બજેટ:** મહત્તમ **રૂ. 3,00,000/-** સુધી (તમે સૂચિત બજેટના 30% કરતા વધુ ન હોય તેવા માનદ વેતન માટે વિનંતી કરી શકો છો.)

**પંચાંગ:** દરખાસ્ત સમગ્ર વર્ષ દરમિયાન ગમે ત્યારે મોકલી શકાય છે.

**પરિયોજના માટે દરખાસ્ત કોણ મોકલી શકે છે?**
આ કાર્યક્રમ વિવિધ શાખાઓમાં કાર્યરત વ્યાવસાયિકો પાસેથી દરખાસ્ત આમંત્રિત કરે છે. આમાં સમાવિષ્ટ છે:

- સંગીત, શ્રાવ્ય, સાહિત્ય, નૃત્ય, ચળવળ, નાટ્ય, કઠપૂતળી, વાર્તા કથન, જાદુ, સર્કસ અને અન્ય અભિનય કલાઓમાં કાર્યરત અભિનય કલાકારો

- ફિલ્મ (દસ્તાવેજી અને કાલ્પનિક), એનિમેશન, ફોટોગ્રાફી, ઇન્સ્ટોલેશન, ન્યૂ મીડિયા, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, રોબોટિક્સ, ઇન્ટરેક્ટિવ આર્ટ, ગેમિંગ, પેઇન્ટિંગ, શિલ્પકલા, મુદ્રણકળા (પ્રિન્ટમેકિંગ), કોમિક બુક, ગ્રાફિક નેરેટિવ, આર્ટિસ્ટ બુક અને અન્ય દ્રશ્ય (વિઝ્યુઅલ) કળા જેવા સ્વરૂપોમાં કાર્યરત દ્રશ્ય (વિઝ્યુઅલ) કલાકારો.
- સંગ્રહાલય પરિરક્ષકો (ક્યુરેટર્સ), ખાસ કરીને જેઓ ગેલેરી સંદર્ભની બહાર કાર્યરત હોય.
- સાહિત્યિક કળા સાથે કાર્ય કરતા કવિઓ, નવલકથાકારો, નાટ્યકારો
- આંતરશાખાકીય કાર્યમાં કાર્યરત વ્યાવસાયિકો

**પાત્રતા:**
જો તમે ભારતીય નાગરિક છો, તો તમે પરિયોજનાની દરખાસ્ત મોકલવા માટે પાત્ર છો, અને તમારા સહયોગીઓ પણ ભારતીય નાગરિક હોવા જ જોઈએ. વધુ વિગતો માટે કૃપયા અહીં ક્લિક કરશો.

**દરખાસ્ત અંગે માર્ગદર્શિકા:**
અમને તમારો CV (સરનામું, ફોન નંબર અને ઈમેલ આઈડી સાથે) અને નીચે મુજબ વિગતો વર્ણવતી દરખાસ્ત મોકલશો:
- સાંસ્કૃતિક વ્યાવસાયિક તરીકે તમારી ચાલુ કલાત્મક અથવા ક્યુરેટોરિયલ નિસબત
- પ્રસ્તાવિત કાર્યશાળા/ નિવાસ માટે પ્રેરણા
- પ્રસ્તાવિત કાર્યશાળા/ નિવાસના વિષયોનું ધ્યાન-કેન્દ્ર
- કાર્યશાળા/ નિવાસના વિષયોનું વૈચારિક વિસ્તરણ
- સુવિધા પ્રદાતા/ સહભાગીઓ/ સહયોગીઓ માટે પરિકલ્પિત અનુભવ
- પ્રસ્તાવિત કાર્યશાળા/ નિવાસની પદ્ધતિ
- વિગતવાર સમયરેખા અને બજેટ
- આ દરખાસ્ત સાથે સંબંધિત અગાઉના કાર્યોના ઉદાહરણો

તમે અંગ્રેજી સહિત કોઈપણ ભારતીય ભાષામાં તમારી દરખાસ્ત લખી શકો છો. IFA અંગ્રેજી ઉપરાંત ભારતીય ભાષાઓમાં પરિયોજનાને પ્રોત્સાહિત કરે છે. IFA સ્ટાફ તરફથી પ્રતિસાદ માટે તમે અમને તમારા પ્રશ્નો અને ડ્રાફ્ટ વિચારો લેખિત, ઑડિયો અથવા વિડિયો ફોર્મેટમાં મોકલી શકો છો.

તમારી અંતિમ દરખાસ્ત આર્ટ્સ પ્રેક્ટિસના પ્રોગ્રામ ઑફિસર શ્રી જ્હોન ઝેવિયર્સને john@indiaifa.org પર વિષય પંક્તિ : **Project Proposal for Workshops/Residencies (Arts Practice)** સાથે મોકલશો. કોઈપણ પ્રશ્નો અને સ્પષ્ટતા માટે કૃપા કરીને ઉક્ત ઈમેલ આઈડી પર લખશો.

**પસંદ કરાયેલ તમામ પરિયોજનાઓ આઇ. એફ. એ. દ્વારા અમલમાં મૂકવામાં આવશે.**

***કૃપા કરીને નોંધ લેશો કે આઇ. એફ. એ. એ એક સુરક્ષિત વાતાવરણ બનાવવા માટે પ્રતિબદ્ધ છે જે બાળકો સહિત દરેકને સમર્થન, સન્માન અને રક્ષણ આપે છે. અરજદારે આ સાથે સહમત હોવું જોઈએ અને તેને હંમેશા સમર્થન આપવું જોઈએ.***